ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ.
દ્વારા રાજયના વિવિધ વિભાગો દ્વારા વપરાતા
સિમેન્ટની પ્રાપ્તિ ભાવ તથા ઉપલબ્ધિનો
સમયગાળો નકકી કરવા બાબત

ગુજરાત સરકાર
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
ઠરાવ ક્રમાંક :-સમટ/૧૦-૨૦૧૭/૭૪૨/જુલાઇ/બ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :-૧૫/૦૭/૨૦૧૯

૧. આ વિભાગ ના ઠરાવ ક્રમાંક :- મટબ-૧૦-૨૦૦૪-૨૩૩-બ તા. ૫-૪-૨૦૦૪
૨. આ વિભાગ ના ઠરાવ ક્રમાંક :- સમટ-૧૦-૨૦૧૭-૭૪૨-બ તા. ૨૪-૦૯-૨૦૧૮
૩. ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ. નો તા.૧૫-૦૬-૨૦૧૯ નો પત્ર. નં ના.પુ.ની/૧૮૧/મ.બેંક/૨૦૧૯-૨૦/૨૦૧૪.

આમુખ :-

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગનાં સંદર્ભ (૧) માં વંચાણમાં લીધેલ તા.૫-૪-૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક: મટબ-૧૦-૨૦૦૪-૨૩૩-બ, થી રાજયના વિવિધ વિભાગો દ્વારા વપરાતા સિમેન્ટની પ્રાપ્તિ તથા ઉપલબ્ધિ અંગેની કેન્દ્રિય ધોરણે કામગીરી ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. દ્વારા હાથ ધરવાનું ઠરાવવામાં આવેલ છે.

ઠરાવ:-

ઉપરની આમુખની વિગતો અને ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડની સંદર્ભ-૩ ની દરખાસ્ત અનુસાર હાલ રાજ્યના મુક્ત બજારના ભાવોનું વલણ અને નર્મદા યોજના હેઠળ હાઇ લેવલ ગોરા બ્રિજના બાંધકામ માટેની સિમેન્ટની જરૂરિયાત તથા સરકારના વિવિધ વિભાગો કચેરીઓ, બોર્ડ, કોર્પોરેશન વિગેરેના વિકાસના તેમજ આંતરમાળખાકિય કામો માટે સમયસર સિમેન્ટનો જથ્થો ઉપલબ્ધ થાય તેમજ સિમેન્ટના જથ્થાની રવાનગી સમયસર થઇ શકે તે હેતુને ધ્યાને લેતા જુલાઇ-૨૦૧૯ થી નીચે મુજબના સિમેન્ટના પ્રાપ્તિ ભાવ નક્કી કરવાનું ઠરાવવામાં આવે છે.ઉક્ત સિમેન્ટના ભાવો તા.૧૫/૦૭/૨૦૧૯થી અમલમાં આવશે.

| ક્રમ | વસ્તુ | વિસ્તાર | પ્રાપ્તિભાવ પ્રતિ બેગ |
|---|---|---|---|
| (૧) | ઓ.પી.સી સિમેન્ટ | સૌરાષ્ટ્ર, કચ્છ, જિલ્લાઓના ભાવ | રૂ.૨૨૫/- |
| (૨) | ઓ.પી.સી સિમેન્ટ | ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના જિલ્લાઓના ભાવ (વડોદરા અને પંચમહાલ જિલ્લાઓ સહિત) | રૂ. ૨૩૦/- |
| (3) | ઓ.પી.સી સિમેન્ટ | દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ(વડોદરા અને પંચમહાલ જિલ્લાઓ સિવાય) | રૂ. ૨૩૫/- |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કિરીટ કે.વ્યાસ)
સેક્શન અધિકારી
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા બા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. અગ્રસચિવશ્રી માર્ગ અને મકાન વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર

૨. અગ્રસચિવશ્રી,નર્મદા જળસંપત્તિ ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, નવા સચિવાલય ગાંધીનગર.

૩. અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.

૪. અગ્રસચિવશ્રી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.

૫. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુ.રા.ના.પુ.નિગમ લિ.નવા સચિવાલય પાસે 'ચ' રોડ, ગાંધીનગર.

૬. નિયામકશ્રી નાગરિક પુરવઠા,બ્લોક નં૧૪,૬ ઠ્ઠો માળ, નવા સચિવાલય,ગાંધીનગર.

૭. સર્વે સિમેન્ટ કંપનીઓ.

<u>સવિનય નકલ રવાના જાણ અર્થે.</u>

૧. માન. મંત્રીશ્રી (ના.પુ) ના અંગત સચિવશ્રી

૨. માન.રા.ક.મંત્રીશ્રી (ના.પુ.)ના અંગત સચિવશ્રી

૩. મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નવા સચિવાલય,ગાંધીનગર.

૪. અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી ,બ્લોક નં૪,નવા સચિવાલય,ગાંધીનગર.

૫. અગ્ર સચિવશ્રી (અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં૧૪, નવા સચિવાલય,ગાંધીનગર.

૬. સિસ્ટમ મેનેજરશ્રી ,અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.

૭. બ શાખા સિલેકટ ફાઈલ.